વિશ્વંભરી અને વિમળ.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

માતરવાળા. બારોટ જેઠાલાલ ભાઇજી.

હાલ-ઢાલની પોળમાં-બહુરાજીની ખડકી.

અમદાવાદ.

પ્રત. ૨૦૦૦ આવૃત્તી પહેલી.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫

ધી "વિજય પ્રવર્ત્તક" પ્રિન્ટિંગ પ્રેસના.
માલીક. પટેલ. મોહનલાલ છગનલાલે શાહપુર ગોળા-
શીઆની પોળમાં પોતાના પ્રેસમાં છાપ્યું.

કિંમત રૂ. ૦-૨-૦

પ્રસ્તાવના.

ગૃહસ્થ મેહેરબાનો હું કંઈ મોટો કવી નથી પણ શ્રીજગદંબાનો એક ગરીબ ભક્તછું તેથી માજીની કીરપાથી કાંઇ તેના ગુણગાવાની પ્રેરણા થવાથી મેં જે આ આખ્યાન તથા ગરબા બનાવ્યા છે; તેમાં કાંઈ પણ દોષ હોય તો તે વાંચનાર ગૃહસ્થોએ તથા જગદંબાના ભક્તજનોએ મનમાં ન લાવતા ક્ષમા આપશો, એવી હું આશા રાખુંછું. અને આ પુસ્તક છપાવી ફતેહમંદ થઈશ એવી શ્રીજગદંબા ઉપર પુર્ણ વિશ્વાશ અને આધાર રાખુંછું.

લી. સેવક.

બારોટ. જેઠાલાલ ભાઇજી. માતરવાળા.

હાલ દાળની પોળમાં બહુચરાજીની ખડકી—**અમદાવાદ**

અર્પણ પત્રીકા.

પરમ પુજ્ય મામાશ્રી ગલજી પરભુદાસજી બારોટ.

તારાપુર (તા. કલોલ.)

આપ મારા ઉપર પ્રેમ અને પ્રીતી રાખોછો, હમેશાં મારા ઉપર દયાળુ સ્વભાવથી મને નાનપણુમાંથી પાળતા આવ્યા છો, તમે જેજે મારા પ્રત્યે ઉદારતા વાપરી છે તેના બદલો હું કોઇ રીતે વાળી શકું તેમ નથી. તોપણુ મારા હૃદયને વિષે આપના ઉપકારના ઉભરાનો સમાવેશ ન થવાથી હું આપને આ જગત જનુનીના ગુણાનુવાદનું લઘુ પુસ્તક અર્પણ કરૂંછું તે સપ્રેમ સ્વીકારશો. એ મારા અંતઃકરણની જીજ્ઞાશા છે. અને તેથી હું કૃતાર્થ થયો સમજીશ એજ.

લી. સેવક.

બારોટ જેઠાલાલ ભાઇજી માતર નીવાસી.

વિશ્વંભરી અને લિમળ.

સ્તુતી

શ્રી અંબીકા સતી, મમ કાપો કુમતી;
આપને અરજ કરૂં છું, આપો સન્મતી. શ્રી અં૦
આ ભકત વદું છું, માજી તારો, કરો સર્વને સાય;
સુબુધ્ધ આપો માજી, આ ગ્રંથ ચાલતો થાય. શ્રી અં૦
માત જગતમાં જ્યોત જાગતી, આધશકતી અંબાય;
સુરીવર મુનીવર ધ્યાન ધરેછે, બારોટ લાગે પાય. શ્રીઅં૦

ગરબો.

રંગતાલી રંગતાલીરે, રંગમાં રંગતાલી. ટેક.

ગરબે રમે બહુચર માઈરે ,, સાથે આવેછે તુળજા માઇરે ,,
અંબીકા આરાસુરે મતવાલીરે. ,, પાવાગઢ વસે માહાકાલીરે. ,,
કામરૂ દેશે વસે કનકાઈરે. ,, માન સરોવરે અજાઇરે. ,,
આ ભવમાંથી મને તારોરે. ,, મૈયાં આવતાં વિઘન નિવારોરે.,,
માતર વસેછે ખોડીયાર માડીરે.,, લક્ષમીજી આશા પુરો મારીરે. ,,
સિંધ મધ્યે વસે સિંધવાઇરે. ,, સોજીત્રામાં વશો ખોજાઇરે. ,,
પીતાંબરા તમેછો માડીરે. ,, મા પેહેરે છે નવરંગ સાડીરે. ,,
માત્રી વસોછો વાવ મોજારરે. ,, મૈયાં સેવકછું આ બાળરે. ,,
અનપુર્ણા આશા પુરો અમારીરે.,, ગઢ ચોટીલે ચામુંડા માડીરે. ,,
દેવી તોતળા છો તમે માતરે. , દઇત મારી નાંખ્યા અસંખ્યાતરે.,,
ગઢ આરાસુરમાં માજી સાચીરે.,, માને સુરીનર મુનીવરે જાચીરે ,,

બાળા સુંદરી સદા મતવાલીરે. ,, મૈયા-હશી હશી લેછે તાળીરે. ,,
રેવા મધ્યે વસે બે બે'નોરે. ,, પે'લાં નંદા આનંદાને સેવોરે. ,,
ગામ મલપરમાં રાણી રૂડીરે. ,, માજી હાથે સોનાની ચુડીરે. ,,
અમદાવાદ વસે ભદ્રકાળીરે. ,, મૈયા દીસેછે અતી વિકરાળીરે. ,,
સકળ દેવીઓ મળી આવીરે. ,, માત અંબીકાને મન ભાવીરે.,,
માને ચાચર ગરબા રમાયરે. ,, ત્યાંતાં થતાક થેઈ થેઇ થાયરે. ,,
ઘંટ મરદંગ ઢોલ વાગેરે. ,, લાલ અંબાને શીર છત્ર છાજેરે. ,,
કર જોડીને બારોટ ગાયરે. ,, સુખ સંપતી આપો મંમાયરે.,,

ગરબી.

(સખી પડવેના પંથે ચાલ્યારે) એ રાગ.

સોમવારે તે માજી પધાર્યાંરે ઘોળાગીરીથી આરાસુર આવ્યાંરે,
દેવતા કેરાં દુઃખજ ટાળ્યાં, અંબિકા માત વેહેલાં પધારોરે. ટેક.
મંગળવારે તે માજી ચાલ્યાંરે, કઇલાસ મધ્યે માજી આવ્યાંરે;
માત પાર્વતીને મન ભાવ્યાં. અંબિકા૦
બુધવારે તે માજી કહેરે, દેવતા કેરાં દુખ શીર લહેરે;
રૂપ અદભુત કરોને તમે. અંબિકા૦
ગુરવારે તે સતી ધાઈરે, રૂપ અદભુત સમશેર સાહીરે;
અસુર નાંખ્યાછે માયે મારી. અંબીકા૦
શુક્રવારે તે હું શું વરણુંરે, અસત્ય માલે તેનું મરણુંરે;
અસુર માર્યા ન લાગી ક્ષણું. અંબીકા૦
શનીવારે તે શોભે સારાંરે, સતી આરાસુરથી આવ્યાંરે;
દેવતા કેરાં દુઃખજ ટાળ્યાં. અંબિકા૦
રવીવારે તે માજી આવ્યાંરે, દાસ જેઠાને મન ભાવ્યાંરે;
આવી પુર્ણ કર્યા સર્વ કાજ. અંબિકા૦

ગજલ

ચલી જા બહેત નહી કેના. એ રાગ.

ચલો ભાઇ અંબીકા જાવે; બડાહે માંજીકા ધામે. ચલો૦
મઇયાં ચાચર હમ જાવેગે, દરશન કરકે સુખ પાવેંગે. ચલો૦
મઇયાકા દરબારહે સચ્ચા, આરાસુરા ગામ હે અછા. ચલો૦
આબુરોડ હોકે જાવેંગે, સબકે દીલમે ભાવેગેં. ચલો૦
મઇયા જાનેકાહે રસ્તા ચોડા, ઈયાં મીલતાહેં ભાડે ઘોડા. ચલો૦
શસ્તે કોન શકે રોકી, તીનતીન કોશપે હે ચોકી. ચલો૦
મઇયાકા દરશન હમ પાવેગે, રાજાકુ દાણુ દેવેંગે. ચલો૦
બરોઠ મઇયા સુતહે તેરા; તુંમ ઉસકો કરો ચેલા. ચલો૦

કાગળ

શુભ ચોપાઈ

સ્વસ્તી શ્રી આરાસુર કહી, માજી વસોછો તમે તહીં,
માહા શુભસ્થાને ચાચાર ચોકે, માડી સચરાચર સોભો ગોખે;
પુજા કરૂં દીન રાત તારી, મૈયા તું છે માવડી મા'રી;
પુજા કરે ધરીને પ્રેમ, રિદ્ધ સિદ્ધ આપો માજી એમ.
આપું શી ઉપમા તમને માત, બહુચર રાખો આ મા'રી જાત;
માત શીર છત્ર છો તમે મા'રે, હું તો જીવું આધાર તમારે;
સત્ય ભવસાગરમાં અંબા આઈ, માજી માજી મુખ ઓચરૂં ગાઇ;
લખીતંમ ચરણની રજ છું તમારો, આપીં સુખ, દુઃખ નીવારો;
પ્રણામ વાંચશો અંબા માહરો, ગુલામ સાચો માજી હું તારો;
કુશળક્ષેમ છું તમારાથી આહીં, અમદાવાદમાં પુજા કરૂં છું સહી.
બોલાવજો પારે તમે બાઈ, આવી દરશન કરીશ માઇ;

આટલી વિનંતી મારી માય, મનધરી તમે માનજો મંમાય.
થોડું લખ્યું ઘણું કરી જાણો, મૈયાં આ વાત હૃદેમાં આણો;
શી. જેઠાલાલ છે દાસ તા'રો, હાથ ઝાલીને પાર ઉતારો.

રાગ લલીત.

અંબે આ અરજ, ઉરમાં ધરો, તમ પુત્રનાં દુઃખ પરહરો;
પાપી પાપથી પુંઠે તે પડે, શત્રુ બહુ મુજને નડે.
હવે શું કરૂં માત હું, દુસ્મન નડે શી રીતે રહું;
વિશ્વાસ મારે, તાહરો છે માવડી, દુઃખ કાપનાર તુંછે ચાવડી.
આસરો મારે, તમવિણ નથી, જનુની જાણે શું કહુ કથી;
માટે અંબિકાને અર્જ આટલી, કષ્ટ હરો કહું તેટલી
દુસ્મન દુર કરો, મારે માંથે જે, કલેશને કજીઓ કાઢી નાંખો તે;
મમ દુસ્મન દુર કરી, સંતાપ લ્યો હરી, રાખોં લાજ મા માહરી.
અર્જ આટલી માત છે તુને, દુસ્મન દુર કરી રાખોને મુને;
આ વાત સાંભળી, માત જાયરે, ચરર ચિંતમાં થરર થાયરે.
પણ ગમ નથી કશી, ગુણ ગાંઉછું, તમને મળવાને ચીત ચાઉછું.
બારોટ પુત્ર છે માત તાહરો, કરી સ્વારી દુશમન દુર કરો.

તારાપુરમાં ચામુંડા માતાજીનો સ્તુતી.

ચોપાઇ

કલોલ પ્રગણાનું સુંદીર ધામ, તારાપુર નામે સુંદીર ગામ;
મંમાયા આવ્યાં છે માય, ભાગોળે મુકામ કેહેવાય.
ગામ સનમુખ મઇયા માડી, બારોટ દર્શન કરે દાં'ડી;
તમે સુખ સંપતી આપો માય,જેથી સરવે લોકો સુખીયા થાય;
આ વિનતી કરેછે જેઠા માય. મુખે ઓચરે છે અંબીકાય.

દોહરા

ચામુંડા છો તમે માવડી, અને દરશનથી દુઃખ જાય;
તમે ચોટીલેથી આવ્યા, આ ગામનું દારિદ્ર જાય.
ચંડ મુંડ માએ રોળીયા, જેથી ચામુડ ધરાવ્યું નામ;
શીખમોલ બારોટ માહરી, ધ્યેય ચામુંડ નામ.
તારાપુર આવી માવડી, અને તળાવે બેઠાં;
તે મુકામ માજી છોડીઆને; ભાગોળે આવી બેઠાં.
બારોટ સર્વ ભેગા થઈ અને કરે મન વિચાર;
દે'રી નથી ચામુંડ ચાવડીની, કહો કેવી પેર થાય.
માજી તણી સર્વે રજા માગી, તો ભાગોળે મુકામ થાય;
ચામુંડ ચામુંડ મુખ ઓચ્ચરતાને, દેહેરીમાં પધરાવ્યાં માય.
વિનતી કરે જેઠા તમતણી, સુખ સંપતી આપો માય.

ચોપાઈ

તારાપુર બારોટનું ગામ, ચામુંડાનું શુભ મુકામ;
ભાગોળે વસ્યાં છે માત, પુંજા કરે છે માની ભાટ.
પુજા કરી માને લાગે પાય, સુખ સંપતી આપે માય,.
દે'રી પછવાડે લીંબડો કે'વાય, તેની સોભા કહી નવ જાય.
ચોટીલેથી આવ્યાં કરૂણા કરી, બારોટ પર અતી હરસ ધરી;
ખડ્ગ ત્રીશુળ કર માંહી ધરી, બેઠાં ભાગોળે આશન કરી.
નર નારી દરશન કરવા જાય, આઠમે માનાં હવનજ થાય;
જેઠા વિનતી કરેછે માડી, સુખ સંપતી આપો દહાડી,
દુઃખ દારિદ્ર હરો મંમાય, જેજે બોલો ચામુંડાય;

શ્રીવિશ્વંભરી અને વિમળ આખ્યાન-

છપ્પો

પ્રથમ ગણપતીના પુંજુ પાય, જેથી કામ સકળ સિધ થાય.
દુંદાળો દુઃખ ભંજન દેવ, સહાય તેની કરીએ સેવ;
અમૃત મોદિકનો જેને અહાર, ગળે સોભે પુષ્પના હાર;
સમરતાં કારજ સિધજ થાય, દુઃખ દાળીદ્ર દુર પળાય.
અહોનીસ આરાધવો એહને, એહ આપશે મોંના માગ્યા મેવા,
રાત્રી દિવસ રટવા થકી, તે કરશે ગરીબને ભુપ જેવા.
આરાધું સરસ્વતી માતને, જીભે વસો મમ માત;
વિણા પુસ્તક ધારીણી, જગ જનુની સાક્ષાત.
મોરવાહની ગજગામીની, ગિરીરાજ સોહંત;
તે મેહેર કરો માત મુજને, વિમળ ગુણ ગાવંત.
કોણ વિમળને ક્યાં ઉપન્યો, આજ કહું તેનો મહિમાય;
વાણીએ જશ આપજો, જેથી જગમાં જય જય થાય.

દોહરો:

ચિન્તા બીધન બીનાશની, કમલાક્ષીની રકત,
વિશ્વની સીંહ વાહની, મૈયાં દીઓ શુભ મત્ય
આરાસુરી અંબે માતકી જય (૨)

સ્તુતી.

શ્રી અંબીકા સતી, આપને વંદીએ અતી;
આપને નમન કરૂં છું, આપોને સુમતી. શ્રી અં૦
આ દાસ વદું છું અંબા તારો, ઉતારો ભવ પાર;
વિમળ આખ્યાન કરવા માટે ઉલટ લાવું આજ. શ્રી અં૦
તેહ તણું હું વર્ણન કરૂં છું, સાભળજો સૌ જન;
દુઃખ હરનારી સુખ કરનારી, રહો દેવી મુજ મન. શ્રી અં૦

૫૫૬૯ ૬

મારા વ્હાલા વાંચકો તમોને આજે વિમળનું આખ્યાન કહી સંભળાવું છું તે એક ચિતવડે શ્રવણ કરશો એવી આશા રાખું છું તેમાં કાંઈ ભુલચુક હોય તો સુધારી લેવા કૃપા કરશો એજ મારી વિનંતી છે. બોલો શ્રી અંબે માતકી જય.

રાજ કઠીઆરા (ચોપાઇ)ની વાતનો રાગ.

મેમદાવાદ પ્રગણાનું સુંદિર ધામ, તેમાં ખેડા નામે છે એક ગામ;
તેમાં વસે એક શ્રાવક વાણીયો, ધનપાળ શાહ નામે જાણીયો.
સતી સદ્ગુણી પત્ની સાથ, નિર્ગમન કરે છે દિનને રાત;
ખાવા પીવાની નહીં ઉણપ કશી, ધનભંડારની નહીં ખોટજ કશી.
પણ પુત્ર જીવે નહી સ્ત્રીને પેટ, તેની ચીંતા કહી નવ જાયે નેટ;
ગોર મહારાજે વણીકને કહ્યું જેહ, આરાસુર ધોળાગઢ વાળી તેહ.
તેની બાધા તમે રાખશો ત્યાં જઈ, તે સીવાય તમ પુત્ર એકે જીવે નહી;
વચન સાંભળી નરનારીનુ હરખ્યું મન, બાધા લેવા બેનું તલપ્યું તન.
આવ્યાં નરનારી માજી પાસે સહી, કરી વિનંતિ માજીને આરાધ્યાં તહીં;
મુજ સંતાન જો જીતશે આઇ; તમ પાસે લાવી મુકીશું બાઇ.
બાધા લેઈ નરનારી આવ્યાં ઘેર, ત્યારથી થઇ લીલા લહેરે;
માજી પ્રતાપે સ્ત્રીને દીન ચડતો થયો, નવ માસે પુત્ર જન્મીયો.

વણીક—અહો આજે મારૂં વાંઝીયા મેંણું ભાગ્યું, માતાજીએ આજે મારી મનકામના સીદ્ધ કરી; આજે મારા હર્ષનો પાર રહ્યો નથી. જય જય મંમાયા તારી અકળ કળાનો પારજ નથી.

સ્ત્રી—સ્વામીનાથ આજે ગોરને તેડાવી પુત્રનું નામ પુછાવોને.

દોહરો.

ગોર તેડાવોને મારા સાયબાને, વળી જોવરાવો પુત્રના જોશ;
કીયા નક્ષેતરે પુત્ર જનમીયો તેનું નામ શું રે ધરેશ.

શેઠ—બહુ સારૂં. હમણાંજ ગોરને તેડી લાવું છું. એટલામાં ગોરને આવતા જોયા.

ગોર—કલ્યાણ થાઓ. એમ આશીર્વાદ દીધો.

શેઠ— મરાઠી.

ગોર કરૂં છું વીનતીને, સાંભળજો મહારાજ;
પુત્ર જન્મો છે મમ ઘેર, તેનું નામ પાડો રૂશીરાજ;
પાડો નામ વાર નહી, દક્ષણા માગો તમો આછી. પાઠ
આરાસુરી અંબે માતકી જય—(૨)

ગોર—બહુ સારૂં. (ટીપણામાં જુવે છે.

દોહરો.

હું તો કહું છું સાંભળો શેઠજી, અને આવે. એમ જોશ મોઝાર;
કુળ દીપક એ તમારો દીકરોને, એનું વિમલ નામ નિરધાર.

શેઠ—બહુ સારૂં ગોર માહારાજ દક્ષણા લઈ ખુશી થઈ આશીર્વાદ આપે. ગોરે કહ્યું કલ્યાણ થાઓ ને સુખી રહો. શેઠેનામ પાડી ઓળખાણ વેચ્યા. દીવસે દીવસે વિમળ પાંચ વરસનો નિશાળે મુકવા જેવડો થયો. તે વખતે બીજાના બોલાવ્યા કરતાં પોતાની મરજીમાં આવે તેમ વધારે બોલતો. જ્યારે જ્યારે બોલતો ત્યારે હરઘડીએ શ્રી અંબિકાનું નામ રટણ કરતો હતો.

શેઠ—આ છોકરાને આપણા પરભુજીનું નામ દેવરાવીએ છીએ તે દેતો નથી અને પરધર્મનું નામ લે છે. હવે આપણે શું કરવું ?

શેઠાણી—હશે મોટો થશે અને સમજશે એટલે લેશે. હમણાં તો એને નિશાળે મૂકો પછી વિમળને નિશાળે ભણવા મુક્યો.

વિમળ દરરોજે નીશાળે જાય ત્યાં ભણે તોપણ અંબીકાનું નામ ઘડીભર વિસારતો નહોતો. મહેતાજી તે નામ ભુલાવવાને ઘણાએ સ-

મુંજાવ્યો પણ તેને તો એજ નામ યાદ આવતું હતું. એનાં બાપના ધર્મનું નામે યાદ કરતો નહોતો. તેથી તેને અંબા નામ ભુલાવવાને અને પોતાના ધર્મની યાદ લેવરાવવા મેહેતાજીને ભલામણ કરેલી છતાં તેનો એક અક્ષર જીભે લેતો નહિ. શેઠનો જે ધર્મ હતો તે વિમળને ગમતો નહોતો. મહેતાજી કાંઇ બોલાવે ત્યારે તે જે અંબે બોલતો.

ગાયન

વિમળ—મૈયાં તજી કહો શું હાય. મેહેતાજી—બસ જા—જા—જા—જા.
વિમળ—મૈયાં કેરૂં રટણુ કરૂં દીનરાત—પણ મુકું નહી લગાર.

મેહેતાજી—વિમળ હવે તું મોટો થયો કાંઇ સમજ. અને તારો ધર્મ સભાળ. અને મારા કહેવા પ્રમાણે ભણવું હોય તો નિશાળે આવજે. નહીતો કાલથી આવીશ નહીં.

વિમળ—બહુ સારૂં મહેતાજી હું અંબે સીવાય બીજું ભણવા નીશાળે આવવાનો નથી. એમ કહી અંબે માતકી જે બોલ્યો. વિમળને અંબે માતકી જે બોલતાં સાંભળી બધા છોકરા પણ અંબે માતકી જે બોલી ઉઠયા.

ગાયન.

વિ૦—આવો આવો સર્વે ભેગા થાઓ, કરો મહેતાની ટીંગાટોળી. આ૦
મે૦—બેસો વાંઝણી રાંડના છોકરા. છો—૦બેસ બોથડ બધુચક ડોકરા. આ૦

(વિમળ અને છોકરા નાશી જાય છે.)

શેઠજી— મરાઠી.

શુણુ પુત્ર તું માહારા, કહું તને એક વાત,
ઊત્તમ જાત આપણે કહેવાઇએ, વણીકની છે નાત,
તજો અંબા નામ, ભજો જૈન તણું ધામ.

વિમળ— છપ્પો. લાસન રૂપી.

પિતા તણું વચન સુણી, વિમળને જવાળા લાગી ઘણી,
તવ બોલ્યો વિમળસી જાણુ, પીતા તમે શું વદો નીરવાણ;
તજું નહીં હું અંબા નામ, ભલે તમારે કરવું હોય તેમ કરોકામ.

શેઠજી— મરાઠી.

બાળપણામાં બોલી રહ્યો છે શું ધાર્યું તે મન,
રોજ તું તો રટણ કરે છે, અંબા તણું છે દયાન.
તરત અહીંથી, નીકળ ઘર મારામાંથી. આ. રા૦

વિમળ— ગાયન.

ભરથરી ભ્રાતા વીચારીને, કરોને હું પર કોપ—એ રાગ.

જેમ તેમ બોલો પીતા જીભથી કહી;
સી ગતી તો મારી થાસે, ઘરથી જઈ. જેમ૦
ગણાવો છો પીતાજી તમે ભુવન માંહી;
મોકલવા બેઠા છો પીતા પરદેશ કાંઈ. જેમ૦
તીર વાગે શબ્દ તણા મનની માંહી;
જીવ ગભરાય છે મારો બાપુ શબ્દ સુંણી. જેમ૦

શેઠજી— મરાઠી.

બોલતાં સુણી જવાળા લાગે છે, હ્રદય મોજાર,
કુળ દીપક તું દીકરો નહી, મારો તેં બોળ્યું બાપનું નામ;
તું જા અહીંથી કહું છું તુજને હું મુખથી—તું. આરા૦

વિમળ—આહા ! પીતાજી તમો શું બોલો છો આજથી મારે તમારા ઘરનું પાણી પીવું હરામ છે. એમ કહી ઘર બહાર નીકળી જાય છે.

લલીત.

અરર માતરે, આતે શું થયું, તેડવા ન આવ્યા, હવે કયાં જાઉં.અરર.
વીસ્વાસ માહરો, ચકચુર તો થયો, વારે ચઢોને માત,
એકલો તો રહ્યો. અરર.
સુખનો સાગર, સુકાઇ ગયો, દુખનો ડુગરો, ઉદય થયો. અરર.
મામા તણેરે ધામ, હું તો જાઉંરે, પીતા તણે ગામ, હવે ન આવુંરે. અરર.

(વિમળ તેના મામાના ઘેર જાય છે.)

મામા—અરે પેલું વિમળ જેવું કોણ આવે છે. હા તેજ છે.

વિમળ—(આવીને) કેમ મામા બેઠા છો કે?

મામા—હા ભાણા ભાઈ આજ તમે કયાંથી ભુલા પડયા છો.

વિમળ—આજે મારા પીતાજીએ મને કાઢી મુકયો છે તેથી અહીં આવ્યો છું.

મામા— **દોહરો.**

દેહેરાં જુવોરે ભાઈ જીનનાં અને દરસન કરવારે જાઓ;
કરો પુજા તમે નેમની, અને રાખજો નેમથી પ્રેમ.

વિમળ—

અંબા અંબા આ જીભે કહુ, અને બીજું ન ભજું નામ;
મામા ગમે તો મને રાખજો, ના કહેશો તો તજીસ તમારૂં ગામ.

મામો—ભાઇ ભાણા હું તને કહાડી મુકતો નથી પણ તું આમ છેક બેસી રહી આખો દીવસ અંબા અંબા કરયા કરે છે તે સારૂં નહીં બીજું કાંઈ નહીં તો આપણી ગાયો છે તેને લેઇને વગડે ચારવા જાય તો પણ સારૂં છે. આ સાંભળી ગાયો ચારવા જવાને માટે વિમળે હા કહી. બીજા ગોવાળીઆની સાથે તે ગાયો લેઇને ગયો.

ગોવાળીઆ—(વગડામાં) વિમળ શેઠ તમે તો માતાજીના ભગત છો અને રાત દીવસ તેનુંજ ધયાન ધરો છો એવું અમે સાંભળ્યું છે તો ભલે અમને પણ એક આ ગબ્બડવાળીનો ગરબો આઈ સંભળાવો તો અમે પણ સાંભળીએ.

વિમળ ગરબો ગાય છે.

(જુગ દેવી જશ ગાઊં છું મા કાલીરે—એ રાગ.)

મૈયા જુગમાં જશ ગાઊંછું, ગબ્બડવાળીરે. આરાધું અંબીકાય;ત્રીશુળ ધારીરે.
સુખ શાન્તી કરજો આપ, „ નવ રાત્રી કેરે દીન. „
ગરબે ગાવાની કળા ધરી, „ આવ્યા ચોક ચાચર માંહ્ય; „
તુળજા આવ્યાં માત, „ તોતળા તેમની સાથ. „
અરબદા અવ્યાં માત, „ સીધવાઈ આવ્યાં સાથ; „
નરબદા આવ્યાં માત, „ આનંદા આવ્યાં સાથ. „
ત્રીપુરા મા કાલી આવીયાં, „ તુળજા, બહુચર લાવીયાં; „
તોતળા પીતાંબરા આવીયાં, „ લક્ષ્મી સાવીત્રી સાથે સાથ. „
સીત્તા રાધીકા માત, „ સરસ્વતી ઊમીયા સાથ; „
ખડાકાને ચોસઠ જોગણી, „ મળી ચાચરે આવ્યાં માત. „
સર્વ શણગાર પેહેર્યા સોભતા, „ ગરબા લીધા છે સીર; „
પાયે ઝાંઝરનો ઝણકાર, „ છંદ ગાયે છત્રીશ રાગ. „
ઢોલ વાગે અતી શોભતાં, „ મ્રદંગની શોભા અપાર; „
ફરે ફુદડીને ગરબા ગાય છે, „ ત્યાં થાક થૈઇ થૈઈ થાય. „
લઘુ મુખે આ વરણવું, „ સુખ સંપત્તી કરો સહાય; „
જોડી દોજી કરજોડી લાગે પાય, „ મુકામ માતરમાં થાય. „

ગોવાળીઆ—(ગરબો ગાઇ રહ્યા પછી) અલ્યા વિમળ

આ ગાય કોની છે, વિમળ કહે છે હું જાણતો નથી આજે એના ધણીને ખોળી કહાડીશ એમ કહી ઘેર જવાની વખત થવાથી બીજા ગોવાળ પોત્તાની ગાયો લેક્ષ ઘેર ગયા અને વિમળ પેલી નવી ગાય છેક માતાજીના મંદિર સુધી ગઈ ત્યાંસુધી તેની પાછળ પાછળ ગયો.

વિમળ—(માતાજીને) **મરાઠી.**

ગવરી ગાય કોની આવી છે, આ મંદિરની માંહ્ય;
જાણતાં હશો તમો માતાજી, ઘર તેનું બતાવો મને,
હું જાઉં તહી ગવરી ગાય મેં ચારી સહી. હું૰ આ.

માતાજી— (રાગ ઊપરનો)

ગવરી ગાય એ માહારી આવી છે, મુંજ મંદિરની માંહી,
ચરાઈ તારી હમણાંજ આપું. લેને વિમળ વિચારી આંહી,
ખોળો ધરજે તારો આંહી, હું જાઊં છું મંદિર માંહી.ખોળો.આ.

ભેરવ— (રાગ ઊપરનો)

કોણ છે તું કયાંથીરે આવ્યો, આ મંદિર માંહી,
ગાય અમારી આવે છે ચરવા, તેમાં તારૂં શુ લીધું ભાઇ;
આપે ચરાઈ તુને, માતાજી આવે છે બહાર હવે. આપે. આ.

માતાજી— ભાસનરૂપી છપો.

માત્તાજી બોલ્યાં મુખથી વાણ, સુણ વિમળ તું નીરવાણ:
આપું છું ચરાઇ તુજને આંહી, કેળવી ખાજે અવનીમાં રહી.

માત્તાજીએ મંદિરમાંથી બહાર આવી વિમળને બશેર જવ આપ્યા આ જોઇ તે ઘણો નારાજ થયો અને તે જવ ફેંકી દેઈ બીજીવાર માત્તાજી પાસે ગયો અને કહે છે.

વિમળ— **દોહરો.**

બાઈ માહરાંરે માતાજીને, ભાગોને માડરીરે ભુખ;
આટલા દિવસ મેં ગાયજ ચારી, હવે કાપોને મારૂં દુઃખ.

માતાજી—વિમળ તું પાછો કેમ આવ્યો ? કાંઈ માગવું બાકી રહ્યું છે કે શું ? વધારે માગવાની મરજી હોય તો ફરી માગ જે માગીશ તે હું તને આપીશ હું તારા ઊપર ખુશી છું.

ભાસનરૂપી છપ્પો.

વિમળ તું પાછો આવ્યો છે અહીં,
માટે પ્રસન છું તારી ઊપરજ સહી,
માગ્ય માગ્ય મન મનોરથ જેહ,
તું માગીશ તે હું આપીશ આણીને નેહ.

વિમળ— (ઊપર પ્રમાણે) રાગ.

માતાજી આપો માગું છું મમાય,
તમ દરશનથી દારિદ્રજ જાય;
મંમાયા મુજને આપો જેહ,
ત્રણ ડગલાં કનક નીકળે તેહ.

માતાજી— જોટો.

સુંણ ભક્ત વિમળશી તું નીરવાણ,
તુંજ વતી થશે તુંજને જાણ;
સંભાળ જે મુજને જેહ, અને જેવો જપે તેવો રાખજે નેહ,
મમ ભક્તી છે ખાંડાની ધાર, સ્વરૂપ ભુલે થશે બુરા હાલ.

વિમળ— ગીતા.

આંજે ઊમંગ દિલ નવમાગે, દીધાં દર્શન મુને અંબાએ;
આપ્યું દ્રવ્ય માજીએ અપાર, દેહેરાં બંધાવું તેમનાં હાલ.

અહા ! માતાજીએ પુષ્કળ દ્રવ્ય આપ્યું છે. હું તેમનાં દેહેરાં બંધાવીશ એમ વિચારી દેહેરાં બંધાવાં માંડયાં દેહેરાં તૈયાર થયાં. દરેક દેહેરામાં અને પોતાના ઘરમાં જ્યાં જ્યાં જોઈએ ત્યાં ત્યાં અં-

બાજીની મુરતીજ નજરે આવતી હતી.

ગોરજી—વિમળ તું વિચાર કર તું કોણ ને તારો ધર્મ શું છે ? તે લગાર વિચારતો ખરો. તું જૈન છતાં દેવીની ઉપાસના કરે છે તે તને ઘટતું નથી.

વિમળ—હું બધું જાણું. પણ તમે જાણો છો કે આ બધું કોના પ્રતાપે મળ્યું છે ?

ગોરજી—હાહા તે ખરૂં પણ જૈન દર્શનથી મોક્ષપદ મળે છે. તેનો બોધ સાંભળ.

પભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શનથી નવનીધઃ
પ્રભુ દર્શનથી પામશો, સર્વ પદારથ સીદ્ધ.

વિમળ—ખરૂં કહો છો; ગોરજી મહારાજ હવેથી હું તમારા કેવા પ્રમાણે વર્ત્તીશ અને મોક્ષપદને મેળવીશ.

ગોરજી—બહુ સારૂ ભાઇ. હવે તમો આ દેહેરાં છે તેમાં જૈન મુરતીઓ પધરાવો અને તેના દર્શન કરી મોક્ષ મેળવો.

વિમળ— ગાંયન.

પ્યારા ગોરજી આજે ધન્ય ભાગ્ય અમારાં,
ચાલોજી ચાલોજી માહાલોજી માહાલોજી. પ્યારા૦
પ્રીતેથી સેવું ચરણ તમારા, પુજન તમારૂં કરૂં દુખ સૌ પરહરૂં,
મીઠા મેવા ભોગ ધરૂં, આજ્ઞા ચીત્ત અનુસરૂં;
પાવન કરો પ્રભુ ધામ હમારાં. પ્યારા૦

(વિમળ દેરામાં જૈન મુરતી પધરાવેછે અને પાછળથી માતાજી આવેછે.)

માતાજી—કેમ વિમળ ? મારા સ્વરૂપને ભૂલી તો ગયો નથી ને?

વિમળ—ના માજી; પણ આપનું કયુ સ્વરૂપ તે કહો મને.

માતાજી—વિમળ ? આ દેહેરા બંધાવ્યાં તે કાનો પ્રતાપ.

વિમળ—ગુરૂ પ્રતાપ માજી.

માતાજી–વિમળ હું તને બીજીવાર પુછું છું કે, આ કોનો પ્રતાપ?

વિમળ—માજી હું પણ કહું છું કે ગુરૂ પ્રતાપ.

આથી માતાજી કોપાયમાન થયાં અને વિમળના ઉપર ક્રોધ કજીને કહ્યું કે હવે તારે નાસવુ હોય તો નાસ તો તું બચવાનો નથી હવે તારી પાછળ અગ્નીનો કોપ થયો છે. તેથી તારો બચાવ કરવો હોય તો નાશી જા હવે હું જાઉં છું. વિમળ કહે છે માજી કયાં જાઓ છો ?

માતાજી— **ક્ષત્રીકલંક.**

હવે તુને ચઢયો છે અની ક્રોધ, આ ધીક ધીક ધીક તુનેરે;
હવે તારી મતી બદલાણી ગમાર, આ ધીક૦
દ્રવ્ય આપ્યું પણ તેં રાખ્યો નહી ટેક; આ ધીક૦
અમી આવ્યો દેહેરાં તારાં સંભાળ, આ ધીક૦
હવે તારો બચાવ કરનાર બોલાવ. આ ધીક૦

વિમળ— **લલીત.**

અરર એ માતરે, આ તે શું થયું, ધીરજ હવે હું શી રીતે ધરૂ;
નવ ધરી દયા, લગાર માતરે, ચરર ચીતમાં, થરર થાયરે,
દેહેરાં દેવનાં ને, દીવાલો બળે, કપુર જેમ જલે, તેમ તે જલે;
બચાવ કોય તેનો નવ કરી શકે, અરર હવે વલે મારી શી થશે.

(વિમળ માતાજીના મંદિરમાં આવીને નમી પડે છે.)

ગાયન.

માતાની માતાની માતાની પ્રીતીના ઘટે,
કદી છોરૂં કછોરૂં થાય તોપણ, માતાની પ્રીતી ના ઘટે;
માજી હું બાળક છું તમારો, માટે તમારે આમ કરવું ના ઘટે.

માતજી— મનાહી.

આ માટે તું રૂદન કરે છે, જાને ત્યારે ધામ,
ઉપાય મારો હવે નથી, કહું છું તુજને આમ;
અસત્ય વદયો તું, માટે દોશ તાનો છે વધું. આ આરા.

વિમળ—માજી માજી મુખથી કહું છું, રાખોને મારૂં નામ;
એધાની માટે ડેહેરાં રાખો. એ છે તમારૂં કામ;
માટે સત્ય વદું, મેયાં મેયાં મુખથી કહ્યું. આ આરા.

માતાજી—આહા ! વિમળ હજુ તારા ઉપર મને દયા આવે છે. માટે જા. મારી એધાની માટે દેહેરાં રાખીશ જા સુખી થા. બોલો; અંબે માતકી જય, આરાસુરી માતકી જય, ગબ્બરવાળી માતકી જય.

થાળ.

જમોગો અંબીકા મોરી માય, તમ ભગત સર્વે સુખીયા થાય,
ત્રાંબા તે કુંડીઓ જળ ભરૂં, નાવણ કરાવીને થાળજ ધરૂં;
બાજોઠે આવી બેઠાં હેતજ કરી, સર્વ સામગ્રી મા આગળ ધરી,
દુધપાક પુરી સેવા સાળ, જાત જાતનાં છે સાક રસાળ.
મગનો લાડુ ઘેબર સાર, પેંડા ધારીને ટોપરા પાક,
ભાતદાળને પાપડ સાર, કેળાં અમૃતને સેરડી બાર;
આરોગીને ઉઠયાં મોરી માય, બીડાં પાનનાં લ્યો મંમાય,
સીંહાશન પર બીરાજ્યાં મુજમાત, અત્તર તેલ છાંટી થાઉં રળીયાત
નગારાં સરણાઇ ઘંટ ઘડીયાળ, વગાડી કરૂં આરતી પુરણ થાળ,
બારોટની વીનંતી છે સાંભળો માત, સુખીયાં રાખજો મોરી માત.

આરતી.

જય અંબે આદ્ય મૈયા જય બહુચર બાઈ,
આકાશ પાતાળ પુથવીમાં મા, (૨) હાક વાગે તારી.
આદીતવારે તમરૂપ નીરખું છું માડી. મૈ. ની૦
કરમાં ત્રિશુળ બીરાજે (૨) મા કંકણને ચુડી. જ
શોમે અલબેલાં માત, ચોખંડ પરવરીયા; મૈ. ચો૦
દેવતણાં મા દુખો, (૨) તમે તો હરીયાં. જ
મંગળ ચંડમુંડ ચકચુર, કીધા ક્રોધ આણી; મૈ. કી૦
દેવતણાં દુખ ભાગ્યાં, (૨) મા દયા દીલ જાણી. જ
બુધે સુરીનરે મુની આગમે, કરો સેવક સુખદાઈ; મૈયા૦
અલબેલી અંબામાત, (૨) દયા કરો હવે આઈ. જય
ગુરૂ અંબા માત નામ રાખો મારૂં; મૈયા૦
ડેરાં સર્વ બળી જાયમાં, (૨) નામ નથી રેહેનારૂં. જય.
શુકર માજીનું ધાન, ધરીશ હું દાહાડી; મૈયા૦
પાંચ ડેરાં ઉગારો મા, (૨) ક્ષમા કરી માડી. જય.
શનીચરે માસહર્થીમાં, આપો અમરીત વાણી; મૈયા.
નજરી ન નો માજી, (૨) ગાય ચારી મન જાણી. જય.
વિનવે જેઠાલાલ, કર સુખ દુખ ટાળી, મયા.
ભલે પધારાં માજી, (૨) મુજ વળા વાળી. જય.

સમાપ્ત